# અરવલ્લી-સાબરકાંઠામાં પતંગ પર્વ ઉલ્લાસપૂર્વક ઉજવાયો

અરવલ્લી-સાબરકંઠા જિલ્લામાં ઉત્તરાયણ પર્વની ઉજવણીએ કાપ્યો છે... ના નારાથી રંગબેરંગી પતંગો આકાશે ચઢાવી પીપુડા, ઢોલ-નગારા અને ડી.જે.ના તાલે દિવસભર રંગારંગ રંગોત્સવ જાણે આકાશે જામ્યો હોય તેવી ઉલ્લાસભેર ઉજવણી કરી હતી. ઉત્તરાયણ પર્વમાં દાનનો મહિમા અનેરો હોવાથી બન્ને જિલ્લાના પ્રજાજનોએ ગાયને લીલો ઘાસચારો ખવડાવવાની સાથે જરૂરીયાતમંદ લોકોને કપડાં અને અનાજ સહિતનુ દાન કરી પુણ્ય કમાયાનો અહેસાસ અનુભવતા હતા. ઊંધીયુ-જલેબી, લીલવાની કચોરીની જયાફત ઉડાવ ઉત્તરાયણના દિવસે તેજ પવનની ગતિના પગલે સંગીતના તાલે ડાન્સ અને ગરબા અગાસી પર રમી આનંદ લુટ્યો હતો. સમગ્ર દિવસભર અને વાસી ઉત્તરાયણ પર્વે અગાસી પર સાઉન્ડ સીસ્ટમ લગાવી અવનવા પતંગ ઉડાવી આનંદભેર બે દિવસ સતત ઉજવણી કરી હતી.

મકરસંક્રાંતિ પર્વની દબદભાભેર ઉજવણી કરવા બન્ને જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો સહિત યુવાવર્ગ પતંગરસિયા, અબાલવૃદ્ધ સૌ કોઈએ કાયપો છે...લપેટ...લપેટ...ના ગગનભેદી અવાજથી વાતાવરણ ગુંજી ઉઠ્યુ હતુ. ઉત્તરાયણ પર્વ મનાવવા પતંગરસિયાઓ વહેલી સવારથી જ અગાસી અને ખુલ્લા મેદાનો અને જ્યાં પતંગ ચગાવવા જગ્યા મળી ત્યાં પતંગ ઉઠાડતા આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયુ હતુ. નાના બાળકો, યુવાધન અને વૃદ્ધો સૌ કોઈનો મનગમતો તહેવાર ઉજવણીના ઉંબરે આવી પહોંચતા આખો દિવસ આકાશી યુદ્ધ ખેલવા અને એકબીજાના પેચ કાપી વહેલી સવારથી જ સાઉન્ડ સીસ્ટમના સુરીલા સંગીત વચ્ચે તલ-સાંકળી ઉપરાંત ઊંધીયુ-જલેબી અને ફાફડાની જયાફત માણતા આગાસીઓ પર પરિવારજનો સાથે પીપુડા, ગોગલ્સ, અવનવા કાર્ટુન માસ્ક, ટોપીઓથી સજ્જ બની દિવસભર ખડકાયેલા જોવા મળ્યા હતા. ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે પવનની ઝડપ ૧૫ કિ.મી.થી વધુ રહેતા હવામાં પતંગ ફાટી જવાની અને પતંગ ટકતા ન હોવાથી બુમો વચ્ચે પણ ઉલ્લાસભેર ઉજવણી કરી હતી. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં સાંજના સુમારે ચાઈનીઝ તુક્કલોથી આકાશ ઝગમગી ઉઠ્યુ હતુ. તદઉપરાંત કેટલાક પરિવારોએ ફટાકડા ફોડી, આતશબાજી કરી ઉત્તરાયણ પર્વને વિદાય આપી હતી.





## અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં તુક્કલોના પ્રતિબંધનો ફિયાસ્કો : હજ્જારો તુક્કલો આકાશે

રાજ્યના વહીવટીતંત્ર પરિપત્ર પાઠવી આદેશ આપ્યો હોઈ પોલીસ અધિક્ષક અને જિલ્લા કલેક્ટરે તુક્કલના વેચાણ પર પ્રતિબંધ હોવાનુ જાહેરનામુ બહાર પાડવા છતાં જાહેરનામાની ઐસી તૈસી કરી કેટલાય



વેપારીઓએ તુક્કલનુ વેચાણ કરી અને પતંગ રસિયાઓએ તુક્કલ આકાશે ચઢાવી તુક્કલ પર લાગેલા પ્રતિબંધનો ફિયાસ્કો કરી દીધો હતો. બન્ને જિલ્લામાં ઉત્તરાયણ પર્વની સાંજે તુક્કલોથી આકાશ ઝગમગી ઉઠ્યા હતા. તદ્ઉપરાંત તુક્કલો ચઢાવ્યાના ફોટાઓ પાડી સોશ્યલ મીડીયા પર વાયરલ કરી કલેક્ટરના જાહેરનામાની રીતસર હવા કાઢી નાખી હતી. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં યુવાઓ, યુવતીઓ અને રાજકારણ સાથે જોડાયેલા લોકોએ બિન્દાસ્ત તુક્કલો સાથે ફોટા અપલોડ કરી જાહેરનામાની મઝાક ઉડાડતા હોય તેમ અટ્ટહાસ્ય સાથે જોવા મળ્યા હતા.

# પાલનપુરમાં પતંગની દોરી ઘાતક બની : ૧૧ ઘાયલ

## પતંગ રસિકોની મજા વાહનચાલકોને રાહદારીઓ માટે બની સજા

પાલનપુરમાં પતંગ રસિકોની મજા વાહનચાલકો અને રાહદારીઓ માટે સજા બની હતી. પાલનપુરમાં ઉત્તરાયણના દિવસે પતંગની દોરી ઘાતક બનતા ૧૧ લોકો ઘાયલ થયા હતા.

પાલનપુરમાં ઉત્તરાયણ પર્વ નિમિત્તે પતંગ રસિકો વહેલી સવારથી જ અગાસી પર ચડી ગયા હતા. જોકે, પતંગ રસિકોની મજા આકાશમાં વિહાર કરતા પક્ષીઓ સહીત રસ્તે જતા વાહનચાલકો અને રાહદારીઓ માટે સજારૂપ પુરવાર થઈ હતી.

પાલનપુરમાં પતંગની દોરીથી ૫૭ પક્ષીઓ ઘાયલ થયા હતા. જે પૈકી સમયસર સારવાર અપાતા ૫૨ પક્ષીઓને જીવતદાન મળ્યું હતું. જયારે ૫ પક્ષીઓ મોતને ભેટ્યા હતા તેવું જીવ સેવા સંસ્થાનના પ્રમુખ પ્રજેશ પઢિયારે જણાવ્યું હતું.



જયારે પાલનપુર સિવિલ હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ, પતંગ રસિકોની ઘાતક દોરીથી રસ્તે જતા વાહન ચાલકો અને રાહદારી ઘવાયા હતા. જયારે પતંગની મજા માણતા ધાબા પરથી પટકાઈ જવાનો અને વાહનની અડફેટે આવી જઈ ઘાયલ થવાનો ૧-૧ બનાવ બન્યો હતો. પાલનપુરમાં ઘાતક દોરીથી જુદી જુદી જગ્યાએ ગળા, નાક, મોઢા અને પગ પર ઈજા થતા ૧૧ લોકોને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ઈજાગ્રસ્તોને સમયસર સારવાર મળી રહેતા જીવલેણ ઈજામાંથી બચી ગયા હતા.

## મોડાસા શહેરમાં દોરીથી ઘાયલ થનાર પક્ષીઓને બચાવવા જીવદયાપ્રેમીઓ ખડેપગે

મોડાસા શહેરમાં જીવદયા પ્રેમી નિલેષભાઈ જોષી અને ડૉ. કિરણ પટેલની ટીમે મોડાસા શહેર અને આજુબાજુના વિસ્તારોમાં દોરીથી ઘાયલ થતા નિર્દોષ પક્ષીઓને બચાવવા સતત ખડેપગે તૈયાર રહી ઘાયલ પક્ષીઓની સારવાર હાથ ધરી હતી. ગતવર્ષ કરતા પવનની ગતિના પગલે પક્ષીઓ ઘાયલ થવાની ઘટનામાં નોંધપાત્ર ઘટાડો થતા જીવદયા પ્રેમીઓમાં આનંદ છવાયો હતો. રાજ્ય સરકારે પ્રથમવાર વન વિભાગ તથા ડિઝાસ્ટરના સંયુક્ત ઉપક્રમે



કરૂણા અભિયાન શરૂ કર્યુ હતુ. હેલ્પલાઈન નંબર અરવલ્લી જિલ્લામાં વન વિભાગના અધિકારીઓએ ઉપાડવાની તસ્દી લીધી ન હતી. મોડાસા ખાતે ઊભા કરાયેલ પક્ષી સારવાર કેમ્પમાં પણ વનવિભાગ તંત્રનો એક પણ અધિકારી ફરક્યો ન હતો. વનતંત્રની ઉદાસીનતાથી જીવદાય પ્રેમીઓમાં રોષ ફેલાયો હતો.


# પ્રાંતિજમાં છેલ્લા કેટલાય સમયથી ટેલીફોન સેવા ઠપ્પ છતાં ટેલીફોન બીલ આવ્યા

## ગ્રાહકો બીલ જોઈને અચબાં પડી ગયા : ટેલીફોન સેવા ઇન્ટરનેટ સેવા કેટલાય સમયથી બંધ છતાં બીલમાં કોઇ ફેરફાર નહી : વર્ષો જુના કેટલાંય ટેલીફોન ગ્રાહકો ટેલીફોન સેવાને લઇને અલવિદા આપશે

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લા કેટલાંય સમયથી ટેલીફોન સેવાઓ તથા ઈન્ટરનેટ સેવાઓ બંધ હોવા છતાં ટેલીફોન ગ્રાહકોને નિયમિત બિલ આવતા ટેલીફોન ગ્રાહકો લાલ ગુમ અને ટેલીફોનની ઘંટડી છેલ્લા દોડ મહિનાથી રણકી નથી.

પ્રાંતિજ ખાતે છેલ્લાં દોડ મહિનાથી ટેલીફોન ખાતાની સેવાઓમાં જાણે ઠંડીનો કહેર પડયો હોય તેમ એપ્રોચરોડ સહિત વિસ્તારમાં આવેલાં ટેલીફોન સેવા અવાર-નવાર ખોરવાતી જાય છે ત્યારે ટેલીફોન વિભાગ દ્વારા છેલ્લા એક વર્ષથી ગ્રાહકોને ટેલીફોન સેવા ચાલુ ન હોવા છતાં બીલ આપ્યાં કરે છે અને ગ્રાહકો બીચારા બીલ ભરવામાં પાછી પાની કરતાં નથી ત્યારે છેલ્લાં દોડ મહિનાથી તો એપ્રોચરોડ ઉપર આવેલ હરિઓમ પાર્ક સહિતની સોસાયટી વિસ્તારોમાં ફોન બંધ હાલતમાં છે અને ઈન્ટરનેટ કે




ટેલીફોનની ઘંટડીઓનો રણકાર થયો નથી તો પણ તંત્ર દ્વારા જેસે થે નું બીલ પધરાવવામાં આવ્યું છે. ટેલીફોન સેવા બંધ હોવા છતાં બિલ આવતા ટેલીફોન ગ્રાહકો પણ અચબાં પડી ગયા છે ત્યારે અવાર નવાર ટેલીફોન સેવા બંધ માટે કંપ્લેન કરવા છતાં ટેલીફોન રીપેરીંગ કરવામાં આવ્યા નથી ત્યારે કેટલાક વર્ષો જુના ટેલીફોન ગ્રાહકો પણ વગર ટેલીફોન સેવાએ બીલ આવતા આ વખતે ટેલીફોન સેવા તથા ઈન્ટરનેટ સેવા બંધ કરવાનું વિચારી રહ્યાં છે અને બીજી કંપનીનું નેટ કનેક્શન લેવાનો નિર્ણય કર્યો છે. ત્યારે હાલ તો ટેલીફોન ઘંટડીનો રણંકાર થયા વગર કે ઈન્ટરનેટનો ઉપયોગ થયા વગર જે તે નિયમિત બીલ આવતાં ગ્રાહકો ગ્રાહક સુરક્ષાનો સહારો લે તો પણ નવાઈ નહી. ત્યારે શું તંત્ર દ્વારા આપેલ બીલ પરત લેશે કે શું એ તો હવે જોવાનું રહ્યું.



## અણિયોડ ગામે ગ્રામ સ્વરાજ શિબિર યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના અણિયોડ ગામે રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત ગ્રામ સ્વરાજ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આધુનિક ઢબની અનેકવિધ પ્રવૃત્તિઓ અને લોકજાગૃતિના કાર્યક્રમો આ શિબિરમાં રજૂ કરવામાં આવ્યા હતા. જેનો લાભ ૯૦ વિદ્યાર્થીનીઓ અને ૪૫ વિદ્યાર્થીઓએ શિબિરાર્થી તરીકે લીધો હતો. ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત માઈક્રોબાયોલોજી વિભાગ સાદરાના ઉપક્રમે તા. ૬ જાન્યુ.-૧૭ થી તા. ૧૨ જાન્યુ.૧૭ દરમ્યાન અણિયોડ ગામ ખાતે આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. શિબિર દરમ્યાન ડિઝીટલ બેંકીંગ/કેશલેસ વ્યવહાર સંદર્ભની લોકજાગૃતિના કાર્યક્રમ ઉપરાંત સ્વચ્છતા, સાક્ષરતા, આરોગ્ય તેમજ વૈકલ્પિક ઊર્જાને કેન્દ્રમાં રાખીને પ્રવૃત્તિઓ કરવાનું આયોજન કર્યુ હોવાનું શિબિરના સંચાલિકા પ્રિતીબહેન શુક્લએ કહ્યું હતુ. તલોદ તા.વિ. અધિકારી કિરીટભાઈ ચૌધરી, ગૂજરાત વિદ્યાપીઠના પ્રૌઢ શિક્ષણ વિભાગના નિયામક ડૉ. લક્ષ્મણભાઈ, માઈક્રોબાયોલોજી વિભાગના અધ્યક્ષ ડૉ. નિખિલ ભટ્ટ ઉપરાંત ગ્રામ વિકાસ એજન્સીના વિસ્તરણ અધિકારી, બેંક મિત્ર કનકસિંહ, મહેન્દ્રસિંહ, ભિખુસિંહ, લાલાભાઈ તથા અણિયોડ સરપંચ ધૂળસિંહ ઝાલા અને તલાટી તરૂણભાઈ વગેરે નોંધપાત્ર સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રભાતફેરીથી આરંભાતી આ દિનચર્યા સફાઈ-શ્રમકાર્ય, લોકસંપર્ક અને સાંસ્કૃતિક કાર્યક્રમો થકી સંપન્ન થતી હતી.

## પ્રાંતિજ ખાતે જિલ્લા કક્ષાની વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

તલોદ, તા. ૧૫

પ્રાંતિજ ખાતે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની ૮મી વક્તૃત્વ સ્પર્ધા ગતરોજ યોજાઈ ગઈ. જેમાં બન્ને જિલ્લાના મળી ૧૮ જેટલા વિદ્યાર્થી સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સી.ડી. પટેલ હાઈસ્કૂલ-તલોદની વિદ્યાર્થીની યશ્વી રાકેશકુમાર શાહે પ્રથમ નંબર હાંસલ કરીને શિલ્ડ, વિજય ટ્રોફી તથા રોકડ ઈનામ પ્રાપ્ત કરેલ.

લાલાકાકા કન્યા છાત્રાલય-પ્રાંતિજ ખાતે યોજાઈ ગયેલ બાબુભાઈ જશભાઈ પટેલ વિજય પદ્મ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની આ ૮મી વક્તૃત્વ સ્પર્ધાના સ્પર્ધકોનો વિષય હતો. 'નોટબંધી પછીની અર્થતંત્ર ઉપરની આર્થિક અસર' સ્પર્ધાના આ વિષય ઉપર તલોદની વિદ્યાર્થીની કુ. યશ્વીએ મનભાવન-મૌલિક રજૂઆત કરીને પ્રથમ નંબર, શિલ્ડ, ટ્રોફી અને રૂ. ૩૦૦૧નું રોકડ ઈનામ પ્રાપ્ત કરીને શાળા, તલોદ શ્વેતાંબર સમાજ તથા નગરને ગૌરવ પ્રદાન કરેલ છે.






## લાયન્સ ક્લબ ઓફ મોડાસાનો એક જ દિવસમાં ત્રિવેણી કાર્યક્રમો યોજાયા

અરવલ્લી જિલ્લામાં સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા અગ્રેસર રહેતી લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા શુક્રવારે ત્રિવેણી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આર.ટી.ઓ. ઓફીસના નવનિર્માણ પામતા બિલ્ડીંગમાં વૃક્ષારોપણ કાર્યક્રમ, જુની આર.ટી.ઓ. ઓફીસમાં બ્લડ ડોનેશન કાર્યક્રમ અને રાત્રે ૮ કલાકે લાયન્સ ક્લબ સોસાયટી સંચાલીત બહેરા-મૂંગા શાળામાં ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. મોડાસા લાયન્સ ક્લબના પ્રમુખ મનુભાઈ પટેલ, મંત્રી ભાવેશભાઈ જયસ્વાલ, લાયોનેસ પ્રમુખ અન્નપૂર્ણાબેન, બૂ.પૂર્વ પ્રમુખ સુરેશ પટેલ અને જય અમીને ત્રિવેણી કાર્યક્રમમાં ભારે જહેમત ઉઠાવી હતી. ત્રિવેણી કાર્યક્રમનો મુખ્ય હેતુ માર્ગ અને સલામતી સપ્તાહની ઉજવણીમાં લોકજાગૃતિ કેળવવા આયોજન કરાયું હતુ.

# મેઘરજના રાજગોળ ગામે કુણોલ-૨ ગ્રામ પંચાયતનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો

મેઘરજ, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની કુણોલ ગામ પંચાયતમાં વસ્તી અને વિસ્તાર વધવાથી રાજગોળ ગૃપ ગ્રામ પંચાયતમાંથી વિભાજન થઈ નવીન પંચાયત કણોલ-૨ બનતા નવીન પંચાયતનો ઉદ્ઘાટન સમારોહ બુધવારના રોજ યોજાયો હતો. આ ઉદ્ઘાટન સમારોહમાં તાલુકા વિકાસ અધિકારી એચ.કે. પંચાલ, નાયબ મામલતદાર, મ. તાલુકા વિકાસ અધિકારી મૌલિકભાઈ શર્મા તેમજ પૂર્વ તાલુકા પ્રમુખ જયવંતિકાબેન ડામોર, જિલ્લા સદસ્ય જયેશભાઈ અસારી તથા આદિવાસી ડુંગરી ગરાસીયા પંચના મંત્રી સુરેશભાઈ કટારા હાજર રહ્યા હતા. નવીન પંચાયત ચાલુ કરવા માટે રાજગોળ ગામના વર્ગ-૧ના અધિકારી પ્રવિણભાઈ હિરાભાઈ ભગોરા સાઈન્ટીફિક ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ જેમણે પોતાનુ મકાન આપતા ગામલોકોએ તેમનો આભાર માન્યો હતો અને તા. વિકાસ અધિકારી દ્વારા પ્રવિણભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ઉદ્ઘાટનનું સફળ સંચાલન વહિવટદાર રજનીભાઈ પટેલ, રાજગોળ દૂધ ઉત્પાદક મંડળી તેમજ ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# ગુજરાતના શિક્ષણ ગુણવત્તા સુધારણાનો સેવા યજ્ઞ ગુણોત્સવ મહેસાણા જિલ્લામાં યાજાશે

મહેસાણા, તા. ૧૫

શિક્ષણ ગુણવત્તા સુધારણાનો ગુજરાતનો સેવા યજ્ઞ ગુણોત્સવ દેશમાં પ્રાથમિક શિક્ષણ સુધારણાનું નવું રોલ મોડલ તરીકે ઉભરી આવેલ છે. મહેસાણા જિલ્લામાં ગુણોત્સવ કાર્યક્રમ ૧૬, ૧૭ અને ૧૮ જાન્યુઆરીના રોજ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં યોજાનાર છે. મહેસાણા જિલ્લામાં યોજાનાર ગુણોત્સવમાં નાયબ મુખ્યમંત્રી ૧૬ અને ૧૭ જાન્યુઆરીના રોજ મહેસાણા તાલુકાની સાલડી પ્રાથમિક શાળા અને ધાધુસણ પ્રાથમિક શાળા ખાતે ઉપસ્થિત રહેનાર છે. આ ઉપરાંત સંસદિય સચિવ ભરતસિંહ ડાભી ખેરાલુ તાલુકાની અરઠી પ્રાથમિક શાળા અને જોટાણા તાલુકાની ખદલપુર પ્રાથમિક શાળા ખાતે ઉપસ્થિત રહેનાર છે.

આ ઉપરાંત ગુજરાત અનુસૂચિત જાતિ નિગમના ચેરમેન રમેશ સોલંકી કડી તાલુકાના ડાંગરવા અને ઝુલાસણ પ્રાથમિક શાળા ખાતે ઉપસ્થિત રહેનાર છે. આ ઉપરાંત ગુડાના ચેરમેન આશિષભાઈ દવે વિજાપુર તાલુકાની ખરોડ પ્રાથમિક શાળા ખાતે ઉપસ્થિત રહેશે. જિલ્લામાં યોજાનાર ગુણોત્સવ કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના અધિકારીઓ, આઈ.એફ.એસ., આઈ.એ.એસ., આઈ.પી.એસ. સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે તેમ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

## મંગળવારે વિસનગર કડા ખાતે રાજ્યપાલ ઉપસ્થિત રહેશે

મહેસાણા, તા. ૧૫

૧૭ જાન્યુઆરી-૨૦૧૭ના રોજ વિસનગર કડા ખાતે રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલી સવારે ૧૦ કલાકે સાર્વજનિક પુસ્તકાલય ખાતે ઉપસ્થિત રેહનાર છે. કડા ખાતે સાર્વજનિક પુસ્તકાલયનો શતાબ્દી મહોત્સવ પ્રસંગે નવીન મકાનનો લોકાર્પણ સમારોહ યોજાનાર છે. આ સમારોહમાં રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલી નવુ વિશાળ ગ્રંથાલયનું લોકાર્પણ કરનાર છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ભિલોડા જન સેવા અંગ્રેજી, ગુજરાતી મીડીયમ સ્કુલમાં પતંગોત્સવનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત જન સેવા અંગ્રેજી,ગુજરાતી મીડીયમ સ્કુલમાં પતંગોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો.જન સેવા અંગ્રેજી, ગુજરાતી મીડીયમ સ્કુલમાં ધો.૧ થી ધો.૧૦ સુધીના વિદ્યાર્થીઓએ પતંગોત્સવ કાર્યક્રમમાં આનંદ, ઉત્સાહભેર ભાગ લીધો હતો.જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાયએ પતંગોત્સવ કાર્યક્રમ નિમિત્તે વિદ્યાર્થીઓને પતંગ આપતા આનંદની લાગણી પ્રસરી હતી. આ પ્રસંગે જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ પી.ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ પી.ત્રિવેદી, ટ્રસ્ટી ભરતભાઈ ત્રિવેદી, ગોપાલભાઈ જોષી, નરેશભાઈ ત્રિવેદી, આચાર્ય, સુમિત્રાબેન કટારા, બી.એસ.ઝાલા, બિન્તાબેન ભટ્ટ, ક્લાર્ક રમણભાઈ પંચાલ સહિત સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો. ભિલોડા જન સેવા અંગ્રેજી, ગુજરાતી મીડીયમ સ્કુલમાં પતંગોત્સવનો કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.